




| ગાંધીનગર તાપમાન | |
|---|---|
| મહત્તમ | ૩૭.૦ ડીગ્રી |
| લઘુતમ | ૨૮.૦ ડીગ્રી |
| ભેજ | સવારે ૮૫ ટકા ● સાંજે ૫૩ ટકા |

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર 'ફેમિના'નો શુભારંભ


ગાંધીનગર, તા.૫

કોવિદના માહોલ વચ્ચે ગાંધીનગર ખાતે એક નવી સંસ્થાનો ઉદય થઈ રહ્યો છે. લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના નામથી શરૂઆત પામેલી રહેલી આ કલબ માત્ર લેડીઝ સભ્યોની કલબ તરીકે કામ કરશે. વર્ષ ૨૦૨૦ના જુલાઈ માસથી લાયન્સ કલબ ઈન્ટરનેશનલની આ પાંખનો કાર્યકાળ શરુ થઈ ગયો છે.

કહેવાય છે કે ગાંધીનગર, અનેક સંસ્થાઓનું નગર છે. પરંતુ સ્વીકારવું પડશે કે આ સંસ્થાઓ ગાંધીનગરને ધબકતું પણ રાખે છે. ઓછા વસ્તીવાળા આપણા આ શહેરમાં એકબીજાને મળવા માટે સંસ્થાના કાર્યક્રમો અને મેળાવડાઓ જ માધ્યમ બને છે. સચિવાલયમાં કર્મચારીઓને એકબીજાને ઉડતી સલામ કરવાની તક મળી રહે છે પરંતુ રોજિંદા જીવનની ઘટમાળમાંથી બચવા સ્ત્રીઓ કંઈક ને કંઈક કરતી જોવા મળે છે. મોટે ભાગે કીટી પાર્ટીઝનો સહારો લે છે. મનોરંજન માટે થતી આ પ્રવૃત્તિઓમાં ઉદ્દેશ ભળે તો સમય, પૈસા અને શક્તિનો સદુપયોગ થયો ગણાય એવું માનતા ચાર સ્ત્રી મિત્રોને ઈન્ટરનેશનલ દરજ્જો ધરાવતી લેડીઝ કલબ શરુ કરવાનો વિચાર આવ્યો અને એમના પ્રયત્નોને સફળતા પણ મળી. એના પરિણામ સ્વરૂપ આ લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાનો ઉદભવ થયો છે. લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા સ્પોન્સર થયેલી આ કલબને પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર હરેન્દ્ર શુક્લ તથા બીજા પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર યોગેન્દ્ર પટેલ તથા ગાંધીનગર લાયન્સ પીપી ફોરમના ચેરમેન ડૉ. એ આર. પટેલના આશીર્વાદ સાંપડ્યા છે. નિર્માણની આ પ્રક્રિયામાં લાયન્સ અને લાયોનેસના તમામ ભૂતપૂર્વ પ્રમુખોની સંમિતિનો સિંહફાળો કહી શકાય.

લાયન્સ કલબ ફેમિનાના ફાઉન્ડર મિત્રોમાં વૈશાલીબેન જોષી, ડિમ્પલબેન દેસાઈ, ચંદાબેન યાદવ અને મમતા બેન રાવલનો સમાવેશ થાય છે.

ગાંધીનગરની જાણીતી અને અદભૂત કામ કરતી સંસ્થા લાયોનેસ ક્લબના તેઓ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ છે. બહોળો અનુભવ અને કંઈક કરવાની ખેવના ધરાવતા ઉત્સાહી આ સ્ત્રીમિત્રોને સંસ્થાના નિર્માણ માટે અભિનંદન અને શુભેચ્છા છે.

વર્ષ ૨૦૨૦-૨૧ માટે ચાર્ટર પ્રમુખ તરીકે મમતાબેન રાવલની નિયુક્તિ કરવામાં આવી છે. જયારે સેક્રેટરી તરીકે તત્કાલીન લાયોનેસ પ્રમુખ દક્ષાબેન જાદવ અને ટ્રેઝરર તરીકે ભૂતપૂર્વ લાયોનેસ પ્રમુખ આરતીબેન ભટ્ટ નિમાયા છે.

# હજુ પણ માસ્કની અવગણના કરી રહેલા નાગરીકો પર પોલીસની તવાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા રવિવારના રોજ માસ્ક વિના ફરતા નાગરીકો માટે મેગા ડ્રાઈવ યોજી હતી. આ મેગા ડ્રાઈવમાં ૩ હજારથી વધુ નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરીને અંદાજીત રૂ.૬ લાખથી વધુ રકમની વસુલાત કરાઈ છે. શહેરના તમામ પ્રવેશદ્વાર પર ગાડી અને બાઈક પર બેસી રહેલા નાગરીકોના મોંઢા પર માસ્ક ન હોય તેઓને રૂ.૨૦૦ ની પાવતી આપવામાં આવી હતી. જેથી પોલીસ અને નાગરીકો વચ્ચે ક્યાંક ચકમકના કિસ્સા પણ બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

રાજયના પાટનગરમાં કોરોના કોહરામ મચાવી રહ્યો છે. કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં રોજ ચિંતાજનક રીતે વધારો થતો જાય છે. પાટનગરમાં ૮૦૦ થી વધુ કેસ કોરોનાના નોંધાયા છે. જયારે રાજયમાં ૩૫ હજારથી વધુ કોરોનાના કેસ જોવા મળ્યા છે. ત્યારે નાગરીકો કોરોનાને સરળતાથી લઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. તંત્ર દ્વારા નાગરીકોને સોશ્યલ ડિસ્ટન્સ, મોંઢા પર માસ્ક પહેરવું, સેનેટાઈઝરથી હાથ સાફ કરવા, કામ વિના બહાર ન નીકળવુ તેવી અપીલ કરવામાં આવે છે. તેમ છતા અનલોકમાં નાગરીકો હળવાશથી ફરી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં હજુ પણ કેટલાક નાગરીકો વાહન કે ગાડીમાં માસ્ક વિના નજરે પડે છે. ત્યારે રવિવારની સવારથી જ પોલીસે માસ્ક વિના ફરતા નાગરીકો માટે મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના તમામ પ્રવેશદ્વાર, શૉપીગ સેન્ટર, બસ સ્ટેન્ડ, સિવિલ કેમ્પસ, કોમર્શીયલ કોમ્પલેક્ષ સહિતના વિસ્તારમાં મોંઢા પર માસ્ક વિના ફરતા નાગરીકો પાસેથી દંડનીય કાર્યવાહી કરીને રૂ.૨૦૦ ની પાવતી આપવામાં આવી હતી. ગાંધીનગર શહેર-જિલ્લામાંથી ૩ હજારથી વધુ નાગરીકો માસ્ક વિના ઝડપાતા પોલીસે અંદાજીત રૂ.૬ લાખથી વધુ દંડની વસુલાત કરી છે. ત્યારે પોલીસ કર્મચારીઓ સવારથી શહેરના મુખ્ય માર્ગો પર ઉભા રહીને માસ્ક વિના ફરતા નાગરીકોને રોકતા કેટલાક વાહન ચાલકોએ પોતાનો માર્ગ પર બદલ્યો હતો.

# આજે સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષિત બેરોજગારોનો જમાવડો

ગાંધીનગર, તા.૫

કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે રાજયના પાટનગરમાં આજે શિક્ષિત બેરોજગાર મોટીસંખ્યામાં એકઠા થઈને સરકાર સામે પોતાનો મોરચો માંડશે. શિક્ષિત બેરોજગાર દ્વારા મોટા વિરોધ પ્રદર્શનને પગલે સરકારમાં ચિંતાનું મોજુ પ્રસરી જવા પામ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરમાં લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. શહેરના તમામ પ્રવેશદ્વાર, સર્કલો અને સત્યાગ્રહ છાવણી સહિત પાટનગરમાં ૧૫૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત રહેશે. પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે મોટીસંખ્યામાં શિક્ષિત બેરોજગાર યુવાનો એકઠા ન થાય તે માટે પોલીસે ખાસ એકશન પ્લાન તૈયાર કર્યો છે. નગરના તમામ પ્રવેશદ્વાર પર બેરીકેટસ મુકીને પોલીસ જવાનો ઉભા રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત સત્યાગ્રહ છાવણી, સચિવાલય, શહેરના સર્કલો, તેમજ પ્રવેશ મેળવી શકાય તે તમામ જગ્યાએ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ગાંધીનગર શહેરમાં બેરોજગાર યુવાનોના આંદોલનને પગલે ગાંધીનગર સહિત અન્ય જિલ્લામાંથી પણ પોલીસ અધિકારી-કર્મચારીઓ ફરજ બજાવશે. આંદોલનની શક્યતાને જોતા પાટનગરમાં આજે ૪ એસપી, ૧૦ ડીવાયએસપી, ૪૦ પીઆઈ સહિત ૧૫૦૦ પોલીસ જવાનોનો બંદોબસ્તો ગોઠવાયો છે. બંદોબસ્તની ફાળવણી અને તે અંગેનું રીહર્સલ પણ રવિવારના રોજ દિવસ દરમિયાન ચાલ્યું હતું. પોલીસ અધિકારી-કર્મચારીઓને યુવાનો સાથે ઘર્ષણમાં ઉતરવું નહી તેમ કહેવામાં આવ્યું છે. જો કે યુવાનો મંજુરી વિના આંદોલન કરશે તો પોલીસ તંત્ર દ્વારા આંદોલનકારીઓ સામે પણ ગુનો નોંધવા સુધીની તૈયારીઓ કરી હોવાનું ધ્યાને આવ્યું છે.

# શહેરમાં સોલાર વોટર હીટર પેનલની ચોરી કરતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સોલાર વોટર હીટરની પેનલ ચોરી ની ફરીયાદો ઉઠવા પામી હતી. ત્યારે સેકટર-૧૯ માં અધિકારીના મકાનમાંથી સોલાર પેનલની ચોરી કરતો શખ્સ પોલીસના હાથે ઝડપાયો છે. પોલીસના હાથે પકડાયેલા શખ્સે એક અધિકારીના મકાન પરથી સોલાર પેનલ અને ગરમ પાણીની ટાંકી મળી કુલ રૂ.૪૦ હજારની મત્તાની ચોરી કરી હતી. નાગરીકોની નજર સામે જ આરોપી સરળતાથી ચોરી કરી જતો રહેતો હતો. ચોર શખ્સ પોતે ઈન્કવાયરીનો કર્મચારી હોવાનું કહીને વસ્તુઓ નીકાળી જતો હતો. ત્યારબાદ ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સીના જુનિયર પ્રોગામર હરીશભાઈએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેને અનુલક્ષી સેકટર-૨૧ પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે દિનેશ ડુંગરભાઈ ચૌહાણ (રહે.નરોડા)ની ધરપકડ કરી છે. પોલીસે આરોપીના ઘરેથી ચોરીનો મુદ્દામાલ પરત મેળવ્યો છે. આરોપીના ઘરેથી પોલીસને ૫ થી વધુ પેનલો મળી આવી છે. ત્યારે આ શખ્સે આ પ્રકારે જ ચોરી કરી હોય તેમ પોલીસને લાગી રહ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ મીનાબેન ધનાભાઈ, ઉ.વ. ૪૮, નિકોલ-અમદાવાદ
- સ્વ. જીવીબેન કચરાભાઈ પટેલ, ઉ.વ. ૯૪, સેકટર-૨
- સ્વ. હીંગુલ ગીતાબેન દિનેશભાઈ, ઉ.વ. ૬૫, કલોલ-ગાંધીનગર
- સ્વ. મીર ભરવાડ કનુભાઈ નારાયણભાઈ, ઉ.વ. ૨૮, જીઈબી છાપરા-ગાંધીનગર
- સ્વ. નટવરસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા, ઉ.વ. ૭૦, મુ. પીંડારડા
- સ્વ. રાજુભાઈ મફાભાઈ પંચાલ, ઉ.વ. ૬૦, મીનાબજાર-ગાંધીનગર

## સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં ૭મીથી હિંડોળા ઉત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા.૫

સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩માં તા. ૭-૭-૨૦૨૦ મંગળવારથી હિંડોળા ઉત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. સાંજે ૪-૩૦ થી ૭ વાગ્યા દરમિયાન દરરોજ ઠાકોરજીના નિતનવા હિંડોળા દર્શનનો લાભ પ્રાપ્ત થશે. આપણા સૌના સ્વાસ્થ્ય સુખાકારીના હેતુથી સરકારશ્રી ના આદેશો મુજબ માસ્ક પહેરવું, સોશ્યલ ડિસ્ટન્સ રાખવું તથા હાથ સેનેટાઈઝ કરવા વગેરે નિયમોના ચુસ્તપણે પાલન સાથે ભાવિકો દર્શનનો લાભ લઈ શકશે.

## જયોતિ મહિલા મંડળ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે બાળાઓને સુકામેવા તથા ફ્રુટનું વિતરણ




ગાંધીનગર, તા.૫

ગૌરીવ્રત નિમિત્તે નગરની ઝુંપડપટ્ટીમાં વસ્તી તથા નીચલા મધ્યમ વર્ગની બાળાઓને જ્યોતિ મહિલા મંડળ અને રાધે કૃષ્ણ મંડળ દ્વારા સૂકા મેવાના પેકેટ્સનું તેમજ ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું . આ પ્રસંગે પ્રમુખ ડો. ચેતનાબેન બૂચ, ઉપપ્રમુખ નીરૂબેન નાયક તેમજ સેક્રેટરી હર્ષબા ધાધલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ઉપપ્રમુખ મીનાબેન શાહનું વિશિષ્ટ યોગદાન રહ્યું હતું. ગૌરીવ્રત નિમિત્તે જે બાળકોએ મેંદી અને કેશ ગુફનમાં પણ સુંદર પ્રદર્શન કર્યું હતું તેમને વિશેષ રીતે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, જ્યોતિ મહિલા મંડળ વર્ષોથી આ રીતે ગૌરીવ્રત કરતી દીકરીઓને અમૂલ્ય સેવાઓ આપી સંસ્કાર વારસાનું જતન કરે છે.

# ગુડિયા કો મેરે ઘર ભેજ દો, ઉસે કહીં ઔર રહેને કે જરૂરત નહીં હૈ

## વર્ષો પહેલા દાદા-દાદીએ પ્રવાસ દરમિયાન દૂર દેશાવરમાં વિકસાવેલો સંબંધ પૌત્રીને કોરોના કાળની કપરી પરિસ્થિતિમાં મદદરૂપ બન્યો : લોકડાઉનમાં અડધી રાત્રે દિલ્હી પહોંચેલી ગાંધીનગરની યુવતિને રૂમમેટે કોરોનાને લીધે પ્રવેશ ના આપતા કફોડી સ્થિતિમાં મુકાઈ હતી




ગાંધીનગર, તા.૫

આપણા જીવનમાં કોરોના વાયરસ સૌથી મોટો ગુરૂ સાબિત થયો છે જેણે ના માત્ર સંયમપૂર્ણ જીવનશૈલી જીવવાનું શીખવાડયું છે પરંતુ તે સાથે લૉકડાઉન દરમિયાન સંબંધોની સાચી ઓળખ પણ કરાવી છે. જીવનમાં કોઈ પણ સંબંધનું કેટલું મહત્વ હોય છે અને કયારે કયો સંબંધ તમને જીવનના કોઈ કપરા કાળે કામ લાગી જાય તેનો અનુભવ શહેરના એક પરિવારને કોરોના કાળમાં સુપેરે થઈ જવા પામ્યો છે. દાદા દાદીએ બનાવેલા દૂર દેશાવરના સંબંધ પૌત્રીને કટોકટી સમયે કામમાં આવે ત્યારે જ સમજાય છે કે 'સંબંધ સજાવે જીંદગી'.

ગાંધીનગરના સેકટર-૨૯માં રહેતા અને ઘ-૫ નજીક જવેલર્સની દુકાન ધરાવતા સાથે ગુજરાતી ફિલ્મ નિર્માણ ક્ષેત્રે પણ કાર્યરત એવા જગદીશભાઈ સોનીના પિતા ઘનશ્યામભાઈ મહેસાણા તાલુકાના લાંઘણજ ગામના વતની હતા અને લગભગ દર વર્ષે તેઓ શ્રાવણ-ભાદરવા માસના પવિત્ર દિવસોમાં પત્નિ નર્મદાબેન સાથે ટ્રેન દ્વારા હરિદ્વાર જવાનું પસંદ કરતા હતા. એકવાર આજથી અંદાજે ૩૨-૩૫ વર્ષ પહેલા તેઓ આ રીતે હરિદ્વાર ગયા હતા ત્યાંથી ફરવા માટે નજીકના હીલ સ્ટેશન મસુરી ગયા હતા જયાં તેમની મુલાકાત દીલ્હીના રાજીવકુમાર અગમ તથા ઈન્દુ અગમ નામના એક નવપરિણિત યુગલ સાથે થઈ હતી. રાજીવકુમાર એરફોર્સમાં નોકરી કરતા હતા અને ફરજ દરમિયાન તેઓ જામનગર એરફોર્સ સ્ટેશને પણ નોકરી કરી ચુકયા હતા એટલે ગુજરાતીઓના મળતાવડા સ્વભાવથી પરિચિત હતા અને તે દરમિયાન તેમના પત્નિ ગર્ભવતી પણ હતા તેથી તેમને ઘનશ્યામભાઈ અને નર્મદાબેન સાથે સારું ગોઠી ગયું હતું. નર્મદાબેને ઈન્દુ અગમને તેમની ઈચ્છા મુજબ પહેલે ખોળે દિકરો અવતરશે તેવા આશીર્વાદ પણ આપ્યા હતા. ઈન્દુ અગમ પણ ગુરૂગ્રામ જે ગુડગાંવ તરીકે પણ ઓળખાય છે ત્યાં ટેલિફોન એકસચેન્જમાં નોકરી કરતા હતા. છુટા પડતી વખતે ઘનશ્યામભાઈએ તેમના ગામમાં એક માત્ર ઘર સામે પંચાયત કચેરીમાં જ ફોન હતો તેનો નંબર આપી એકબીજાના સરનામા લીધા હતા. આ પછી બંને પરિવારો વચ્ચે કયારેક ફોનથી તો કયારેક પત્ર વ્યવહારથી સંબંધ જળવાઈ રહ્યો હતો અને જયારે ઈન્દુ અગમને દિકરો અવતર્યો ત્યારે તેમના આગ્રહવશ થઈને ઘનશ્યામભાઈ નર્મદાબેન તેમના ઘરે ગુરૂગ્રામ પણ ગયા હતા. ઘનશ્યામભાઈને તે બંને 'બાબાજી' કહીને સંબોધતા હતા.





ઘનશ્યામભાઈના બે દિકરા અને ચાર દિકરીઓના પરિવારમાં સૌથી નાના દિકરા જગદીશ સોનીએ ધો-૧૨ના અભ્યાસ પછી ૧૯૯૦માં ૧૬ વર્ષની ઉંમરે ગાંધીનગર રહેવા આવી પોતાનું નસીબ અજમાવવાનું નક્કી કર્યું હતું અને તેમણે ટેલિફોન લાઈન માટે અરજી કરી હતી જે બે વર્ષ પછી ૧૯૯૨માં તેમને મળ્યો હતો. આ ટેલિફોન તેમના માતા પિતાને રાજીવકુમાર અગમ તથા ઈન્દુ અગમ સાથે સંબંધ જાળવી રાખવામાં ખૂબ ઉપયોગી બની રહ્યો હતો. બીજી તરફ જગદીશભાઈ સોની અને તેમના પત્નિ સોનલબેનને પરિવારમાં બે દિકરીઓ મોટી થઈ રહી હતી. વર્ષ ૨૦૦૧માં તેમના માતૃશ્રી નર્મદાબેનનું અવસાન થયું તે પછી તેમના પિતા ઘનશ્યામભાઈ મોટે ભાગે ગામડે રહેવાનું વધુ પસંદ કરવા લાગ્યા અને પછી મોબાઈલ યુગ શરૂ થતા જગદીશભાઈએ લેન્ડલાઈન ફોન રદ કરાવ્યો હતો. આ સ્થિતિમાં ધીમે ધીમે બંને પરીવારો વચ્ચેનો સંબધ સમયના વહેણમાં ઘટી જવા પામ્યો અને જગદીશભાઈ પણ પોતાના વ્યવસાય અને બે દિકરીઓ તન્વી તથા ગ્રેવિશાના ઉછેરમાં વ્યસ્ત બની ગયા હતા. પેલી બાજુ રાજીવકુમાર અગમ અને ઈન્દુ અગમના બે દિકરા પૈકી મોટો દિકરો પોતાના બંને સંતાનોના પરિવાર સાથે કેનેડા સેટ થઈ ગયો હતો. વર્ષ ૨૦૧૦માં ઘનશ્યામભાઈ પણ અવસાન પામ્યા.

વર્ષો પછી એવી સ્થિતિ સર્જાઈ કે આ બંને પરિવારો વચ્ચેનો સંબંધ ફરી ખીલી ઉઠયો જેનું કારણ બની જગદીશભાઈની નાની દિકરી ગ્રેવિશા જે ધો-૧૨ પછી એરપોર્ટ મેનેજમેન્ટનો અભ્યાસ કરી રહી હતી. અભ્યાસના બીજા જ વર્ષે તેને કેમ્પસ ઈન્ટરવ્યુમાં 'ટાટા વિસ્તારા' કંપનીએ ત્રણ ઈન્ટરવ્યુની હારમાળા પછી પસંદ કરી ફાઈનલ ઈન્ટરવ્યુ માટે દિલ્હી બોલાવી હતી. જુલાઈ ૨૦૧૯માં ગ્રેવિશાએ કંપનીએ મોકલેલી ફલાઈટની ટિકીટો પર સવારે જઈને ઈન્ટરવ્યુ આપ્યો અને સાંજે ઘરે પરત આવી તેના પ્રભાવશાળી વ્યકિતત્ત્વ, અંગ્રેજી ભાષા પર પરભુત્વ તથા આકર્ષક દેખાવને કારણે બીજા જ દિવસે સવારે જોબ માટે પસંદ કરાઈ હોવાનો ઈમેલ મળ્યો હતો જેમાં તેને માત્ર ત્રણ જ દિવસમાં ચાર માસની ટ્રેનિંગ માટે હાજર થવાનું હતું. જો કે ટ્રેનિગમાં પ્રથમ ૧૫ દિવસ માટે તો કંપનીએ તેની ફાઈવસ્ટાર હોટેલમાં રહેવાની સુવિધા આપી હતી પછી ત્યાં સુધીમાં રહેવા મકાન શોધી લેવાનું હતું જે મળ્યું ના હોવાથી ગ્રેવિશા ચિંતામાં મુકાઈ હતી. આ સમયે જગદીશભાઈને રાજીવકુમાર અગમ અને ઈન્દુ અગમ યાદ આવ્યા પરંતુ તેનો કોઈ નંબર તેમની પાસે નહોતો. જગદીશભાઈએ રાત્રે જ ગુગલની મદદથી ગુરૂગ્રામ ટેલિફોન એકસચેન્જનો નંબર મેળવીને ફોન કર્યો તો સિકયુરિટી સ્ટાફે અન્ય એક અધિકારીનો નંબર આપ્યો જેમણે ઈન્દુ અગમને મેસેજ આપી દેશે તેવું જણાવી વસારે ૧૧ વાગ્યા પછી ફોન કરવા જણાવયું હતું. જો કે સવારે ઓફિસ ગયેલા ઈન્દુ અગમ પોતાના ટેબલ પર જ પેલા અધિકારીએ મુકેલી ચિઠ્ઠી જોઈ તેમાં લખેલા નંબર પર જગદીશભાઈને ફોન કર્યો અને પરિવારના હાલચાલ પુછયા હતા. તેમના 'બાબાજી'ના અવસાનના સમાચાર સાંભળી ગળગળા થયેલા ઈન્દુબેનને જયારે ગ્રેવિશા વિશે વાત કરી તો તુરંત જ તેમણે કહી દીધું કે 'અરે ગુડિયા કો મેરે ઘર ભેજ દો, ઉસે કહીં ઔર રહેને કી જરૂરત નહીં હૈ'. ગ્રેવિશાને તેમણે આવકારી પોતાના બંગલામાં ઉપરના માળે સ્વતંત્ર રહેવાની વ્યવસ્થા પણ કરી આપી હતી. આ પછી જગદીશભાઈ અને તેમના પત્નિ સોનલબેન પણ બે ત્રણ વાર ત્યાં જઈને રોકાઈ આવ્યા જેથી બંને પરિવાર વચ્ચે ફરી સંબંધ ગાઢ બની ગયો હતો.

ટ્રેનિંગ દરમિયાન રાત્રે વાંચવાનું અને પ્રેકિટકલ્સ માટે દિલ્હી એરપોર્ટ સુધી ટ્રાફિકમાં જવા માટે દૂર પડતું હોવાથી થોડા સમય પછી ગ્રેવિશા એરપોર્ટ નજીકના દ્વારકા વિસ્તારમાં એક અન્ય મિત્ર બનેલી સહઅધ્યાયી સાથે રૂમ શેરીગમાં રહેવા શીફટ થઈ ગઈ હતી. આ પછી વર્ષ ૨૦૨૦ના ગત માર્ચ માસમાં જોબ દરમિયાન ગ્રેવિશાને ઘુંટણમાં દુઃખાવો થતા ડોકટરે ૧૫ દિવસ આરામ કરવાની સલાહ આપી હતી તેથી તે તા. ૧૯મી માર્ચે ઘરે પરત ફરી અને તા. ૨૨ માર્ચે લોકડાઉન લાગુ પડી ગયું હતું. આ પછી તા. ૨૫મી મેએ ફરી ડોમેસ્ટિક એરલાઈન્સ શરૂ થતા તા. ૨૪મી મે એ ગ્રેવિશા રાત્રે ૧૧ વાગે દિલ્હી પહોંચી પરંતુ પેલી મિત્રએ કોરોનાને કારણે તે ગુજરાતથી આવી હોવાથી ઘરમાં પ્રવેશ આપ્યો નહીં. આખી રાત ગ્રેવિશાએ ધાબે સુઈને રડતાં રડતાં વિતાવી અને સવારે જગદીશભાઈને જાણ કરી એટલે જગદીશભાઈએ ફરી ઈન્દુબેનને ફોન કર્યો તો ક્ષણનાય વિલંબ વગર તેમણે 'ગુડિયા'ને તેમના ઘરે આવી જવા કહી દીધું હતું. આમ ફરી એકવાર આ પંજાબી પરિવારે સંબંધની લાજ જાળવી અને આજે ફરી ગ્રેવિશા તેના નવા ઘરમાં શીફટ થઈ ગઈ છે પરંતુ આ ત્રીજી પેઢીની યુવા દિકરીને પણ દાદા-દાદીએ વિકસાવેલા સંબંધનું સાચું મૂલ્ય સમજાઈ ગયું છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com